R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 25 DATE: 23-06-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## મોદી સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે સરકારને અલવિદા કરી

મોદી સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ વ્યક્તિગત કારણોસર ઓકટો.બાદ એ પદ પર નહીં રહે.તેમનો કાર્યકાળ આ વર્ષે ઓકટો.માં પુરો થશે.એ બાદ તેઓ અમેરિકા પરત ફરશે.નાણાંમંત્રી અરુણ જેટલીએ પોતાની એક ફેસબુક પોસ્ટ દ્વારા આ જાણકારી આપી છે.

અરુણ જેટલીએ પોતાની ફેસબુક પોસ્ટમાં લખ્યું છે કે કેટલાક દિવસ પહેલાં મુખ્ય આર્થિક સલાહકાર અરવિદ સુબ્રમણયમ વીડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી મને મળ્યા હતા.તેમણે મને જણાવ્યુ હતું કે તેઓ પારિવારિક જવાબદારીઓના વધતા જતા દબાણને કારણે અમેરિકા પાછા જવા ઈચ્છે છે. તેમનું કારણ વ્યક્તિગત છે.પરંતુ તે અમારા માટે મહત્વનું છે. તેમણે અમારા માટે કોઈ વિકલ્પ છોડ્યા નથી.તેમની સાથે અમો સંમત છીએ.યાદ રહે કે પીટરસન ઈન્સ્ટીટયુટ ફોર ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સમાં સીનીયર ફેલો સુબ્રમણયમને ઓકટો.૨૦૧૪માં મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુક્ત કરાયા હતા.તેમજ ૧૬ ઓકટો.૧૭માં તેમને એક વર્ષનું એક્સટેશન્સ અપાયું હતું.પહેલા એવા સમાચાર હતા કે તેઓ ત્રણ વર્ષનો કાર્યકાળ પુરો કરીને જવા માંગે છે.તેઓ સિનીયર ફેલો તરીકે રજા મેળવીને અહી છે. તેઓ ભારત સરકારમાં મુખ્ય આર્થિક સલાહકારનું પદ છોડીને ફરીથી એકેડેમિકમાં પરત થવાના સમાચાર એટલા માટે કે આ પહેલા નીતિ આયોગના ઉપાધ્યક્ષ પોતાનું પદ છોડી ગયા છે.

## હરિયાણામાં સાંસદો,વિધાનસભાના સભ્યોને મળતી વેળાએ સરકારી બાબુઓને ઉભા થવાનો આદેશ આપતો પરિપત્ર જારી કરાયો

સરકારી બાબુઓ સાંસદો અને ધારાસભ્યોને મળતા ઊભા થઈ જાય તેવું યાદ અપાવતો એક પરિપત્ર હરિયાણા સરકારે બહાર પાડ્યો છે.આને કારણે વિવાદ પણ સર્જાયો છે.બંધારણીય રીતે ચુંટાયેલા આ મહાનુભાવોના કોઈ પણ સંદેશા વ્યવહારનો તેમણે તત્કાળ પ્રતિસાદ પણ આપવાનો રહેશે તેમ આ પરિપત્રમાં ઉમેરાયું છે.

આ પરિપત્ર કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યસરકારને મોકલવામાં આવેલી માત્ર એક ફેરપીટીશન છે.હાલમાં દિલ્હી સરકારઅને આઈએએસ અધિકારીઓ વચ્ચે ચાલી રહેલા ઘર્ષણને જોતા આ પરિપત્રે તમામનું ધ્યાન ખેચ્યુ છે.

હરિયાણાના મુખ્ય સચિવની ઓફિસે જારી કરેલા સરક્યુલર દીપેન્દ્રસિહે જારી કર્યો છે.આ પરિપત્ર ૨૮મી મે નો છે. તેના પર અંડર સેક્રટરી પોલીટિકલ દેવેન્દ્ર કપિલના હસ્તાક્ષર છે.આ સરક્યુલરથી સોશ્યલ મીડીયા પર ટીકાનો મારો ચાલ્યો છે.જેમાં ભાજપ સામે હરિયાણા અને દિલ્હીમાં અધિકારીઓના વર્તન સામે બેવડા ધોરણો રાખવાનો આક્ષેપ કરાયો છે.જો કે હરિયાણા સરક્યુલર એ સાત ફેબ્રુઆરીએ ડીપાર્ડ.ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઈનીગ મોકલેલા મેમોરેન્ડમ છે.

## મોદી સરકારે પોતાની નિષ્ફળતાઓની જવાબદારી લેવી પડશે : કોગ્રેસનો વારસો હોવાના બહાના મોદી સરકારે બંધ કરવા પડશે : નીતિ આયોગ

કેન્દ્રમાં સત્તાધારી પક્ષ ભાજપ અને તેના વરિષ્ઠ નેતાઓ શાસનમાં નિષ્ફળતા,નીતિવિષયક પેરાલિસીસ અને અર્થતંત્રની બરબાદી માટે અવારનવાર અગાઉની કોગ્રેસની સરકારોને જવાબદાર ઠેરવતાં રહ્યા છે.પરંતુ હવે દેશમાં નીતિઓ ઘડતી સર્વોચ્ચ સંસ્થા નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે જણાવ્યુ હતું કે કેન્દ્રની મોદી સરકાર હવે તેની નિષ્ફળતાઓ માટે અગાઉના કોગ્રેસના શાસનના બહાના કાઢી શકે તેમ નથી.મોદી સરકારે પોતાની નિષ્ફળતાઓની જવાબદારી લેવી જ પડશે.

રાજીવકુમારે જણાવ્યુ હતું કે ૨૦૧૪માં યુપીએ શાસન તરફથી વારસામાં મળેલી સમસ્યાઓના સંદર્ભમાં મોદી સરકારના છેલ્લા ચાર વર્ષના શાસન પર નજર નાંખવી જરુરી બની છે.હવે અર્થતંત્ર તેની સમસ્યાઓમાંથી બહાર આવી ગયું હોવાથી મોદી સરકારનું મુલ્યાંકન તેની કામગીરીના આધારે જ થવું જોઈએ.ભારતીય અર્થતત્રને યુપીએ દ્વારા વારસામાં મળેલી સમસ્યાઓમાંથી બહાર આવી ગયું છે. તેથી મોદી સરકાર પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા આ બહાનાનો ઉપયોગ કરવો જોઈએ નહીં.અત્યારે જે કાંઈ થઈ રહ્યું છે તે માટે મોદી સરકાર જ જવાબદાર છે.

રાજીવકુમારે જણાવ્યુ હતું કે મોદી સરકારે તેને વારસમાં મળેલી સમસ્યાઓ દુર કરવા ઉપરાંત પણ ઘણા કામ કર્યા છે.મોદી સરકાર નોટબંધી,જીએસટી,ઈન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ,બેનામી એક્ટ, રેરા, બેન્કોનું પુનઃમુડી રોકાણ જેવા માળખાકીય સુધારા દ્વારા કોગ્રેસ દ્વારા મળેલી સમસ્યાઓમાંથી બહાર આવી ગઈ છે. તેથી હવે સરકારનું મુલ્યાંકન તેની પોતાની કામગીરી પર જ થવું જોઈએ.

રાજીવકુમારનું નિવેદન અત્યંત મહત્વનું છે કારણકે અત્યાર સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી અરુણ જેટલી સહિતના ભાજપના વરિષ્ઠ નેતાઓ અર્થતંત્રની બદહાલી માટે કોગ્રેસની નીતિઓને જવાબદાર ગણાવી પોતે અર્થતંત્રને ટ્રેક પર લાવી રહ્યાનો દાવો કરી રહ્યા હતા.

## શિવસેનાના સ્થાપના દિને યુવાસેના પ્રમુખની સ્વબળે ચુંટણી લડવા અને સત્તા મેળવવાની ઘોષણા

શિવસેનાના બાવનમાં સ્થાપના દિને યોજાયેલા એક કાર્યક્રમમાં યુવાસેના પ્રમુખ અને શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ ફરી એક વાર સ્વબળે ચુંટણીઓ લડવાની ઘોષણા કરી હતી.હવેથી સ્વબળે ચુંટણી લડીશું,જીતીશું અને એકહથ્થુ સત્તા ચલાવીશું એવી ઘોષણા આદિત્યએ પાર્ટીના નેતાઓ,પદાધિકારીઓ અને કાર્યકરોની હાજરીમાં કરી હતી.

મુંબઈમાં ગોરેગાંવના ગ્રાઉન્ડમાં શિવસેનાના બાવનમાં સ્થાપના દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન આદિત્ય ઠાકરેના હસ્તે કરાયું હતું.અત્યાર સુધી આપણે પોતાની તાકાત ક્યારેય અજમાવીને જોઈ નથી. પરંતુ હવેથી સ્વબળે લડવાનું,જીતવાનું અને એક હથ્થુ સત્તા લાવવાની. એ માટે મહેનત કરવી પડશે.તમારી જેટલી જ મહેનત કરવાની મારી તૈયારી છે. આજથી જ કામે લાગી જાવ,એવું આદિત્ય ઠાકરેએ જણાવ્યુ હતું.

પાલઘર લોકસભાની પેટાચુંટણી વખતે સમગ્ર દેશનું ધ્યાન શિવસેના તરફ હતું.પરંતુ આપણે જોયું કે બાકીના ચીટીંગ કરીને જીત્યા.નૈતિક વિજય આપણો થયો છે એવું આદિત્યે વધુમાં જણાવ્યુ હતું.

આપણે ક્યાં હતા અને ક્યાં પહોચ્યા છીએ તે આપણને ખબર છે.બાવન વર્ષમાં કેવો સંઘર્ષ કરવો પડ્યો છે તેનાથી કોઈ અજાણ નથી. શિવસેના સ્વબળે આગળ આવી છે. શિવસેનાએ દેશભરમાં પહોચાડવાની છે એવું આહ્વવાન આદિત્યએ કર્યુ હતું.

## સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ કાત્જુએ મોદી સરકારે કોર્ટનું રાજકારણ કરી નાંખ્યુ છે તેવો આરોપ મુક્યો

સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ માર્કન્ડેય કાત્જુએ મોદી સરકાર પર પ્રહાર કરતાં કહ્યુ હતું કે મોદી સરકારે સીબીઆઈ અને અદાલતોને રાજકીય રંગ આપ્યો છે.તેમણે ટ્વિટ કરીને કહ્યુ કે વડાપ્રધાન મોદીએ સીબીઆઈ,સુપ્રીમ કોર્ટ, ચુંટણી પંચ, સરકારી એજન્સીઓ,રાષ્ટ્રપતિ, રાજ્યપાલનું રાજનીતીકરણ કરી નાંખ્યું છે.મારી સહાનુભુતિ તેમની સાથે છે.તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાનને આઈએએસ સંગઠનનું રાજનીતીકરણ કરતાં કેટલી વાર લાગવાની છે.કાત્જુ આ પહેલા પણ અનેક વાર વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી ચુક્યા છે.તેમની ઘણી ટિપ્પણીઓ તો વિવાદ પણ પેદા કર્યો હતો.કેરળના ચર્ચિત સોમ્યા ખુન કેસમાં જ્યારે સુપ્રીમ કોર્ટે આરોપી ગોવંદચામીને ફાંસીની સજા રદ કરી હતી ત્યારે કાત્જુએ કોર્ટના આ ફેસલાનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો. તેમણે ફેસબુક પોસ્ટમાં લખ્યું કે સુપ્રીમ કોર્ટે આરોપીને હત્યાનો દોષિત ન ઠેરવીને ભુલ કરી છે.અને કોર્ટે તેના ચુકાદા પર ફેરવિચારણા કરવી જોઈએ.સુપ્રીમ કોર્ટે કાત્જુની ટિપ્પણીની ગંભીર નોંધ લઈ તેમને અવમાનના નોટીસ પણ જારી કરી હતી.

જો કે જસ્ટીસ કાત્જુનું નિરિક્ષણ અને ટિપ્પણીઓ મહત્વની હોય છે.સત્યને રજુ કરવાની તેમની રીતને વિવાદોમાં ફેરવી દેવાય છે.જેની નોંધ લેવી ઘટે

## રેલવે નિવૃત કર્મીઓને ફરી કામચલાઉ નોકરી આપશે

રેલ્વેમાંથી નિવૃત થયેલા લોકોને માનવ શક્તિની રેલવેમાં અછત હોવાથી ફરીથી કામચલાઉ નોકરી આપશે.સ્ટાફની અછત વર્તાઈ રહી છે અને મોટા પાયે કામો ચાલી રહ્યા છે.આ અછતને નિવારવા માટે રેલવે પોતાના નિવૃત સ્ટાફની મદદ લેવા માટેની યોજના બનાવી રહી છે. રેલવે એવા સ્ટાફને રોજના ૧૨૦૦ રુપીયાનું મહેનતાણુ આપશે. આ લોકોને એક વખતમાં ૬મહિના માટે નોકરી પર રખાશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

જમ્મુ-કાશ્મીરમાં પીડીપી અને ભાજપનું ગઠબંધન તેમના બેઉના સરકાર ચલાવવાની અસમર્થતાની નબળાઈને કારણે તુટ્યું છે. બેઉ એકબીજા પર દોષારોષણ કરી રહ્યા છે પરંતુ ખરેખર બેઉ પક્ષો કાશ્મીરની પરિસ્થિતિને સમજવામાં ઉંણા ઉતર્યા છે અને સમગ્ર પરિસ્થિતિને એટલી ગંભીર હદે બગાડી નાંખી છે કે તેમાંથી હલ કાઢવો હાલ પુરતો અઘરો છે.જમ્મુ કાશ્મીરને બે ભાગમાં વહેચી નાંખવાનો શ્રેય ભાજપને શીરે છે. જમ્મુ હિંદુ અને કાશ્મીર મુસ્લીમ એમ બે ધાર્મિક રીતે વિભાજન કરી નાંખવામાં આવ્યું છે.અને રાજ્યને એક એવી સ્થિતિમાં લઈ જવામાં આ બેઉની ભાગીદારી છે જ્યાં હવે વિદેશી ઝંડા લહેરાવા માંડ્યા છે.આઝાદી પછીના સમયમાં કોગ્રસના રાજ્યમાં પરિસ્થિતિ આટલી હદે નબળી પડી નહોતી.ખેર દોષારોપણ કરીને વધુ પરિસ્થિતીને બગાડવી તેના કરતાં હવે તેને કેમ કરીને સુધારી શકાય તે બાબતે ચિંતા કરવી યોગ્ય છે.

જમ્મુ -કાશ્મીરના કેટલાક ભાગોમાં લોકમત ભારતની વિરુધ્ધ ઊભો થયો છે અને તેમ કરવામાં સહુથી અગ્રેસર ફાળો રાજકીય પક્ષોની નીતિઓનો છે.ભાજપે એ સ્વીકારવું રહ્યુ કે તેમની ઈચ્છા કાશ્મીર સર કરીને આધિપત્ય સ્થાપવાની હતી તે સફળ નીવડી નથી.કોગ્રેસના શાસનમાં થયેલા હિંસા કરતાં વધુ હિંસા અને નિર્દોષ લોકોના જાન છેલ્લા ત્રણ વર્ષમાં આ ગઠબંધનની સરકારના સમયમાં થયા છે.

રાજ્યપાલના શાસન તળે જમ્મુ કાશ્મીરમાં પરિસ્થિતિ કેમ અને કેવી રહે છે તે સમય બતાવશે.પરંતુ હાલના તબક્કે ભાજપ રાજ્પાલ પાસે કેટલાક અજુગતા નિર્ણયો લઈને વધુ કડકાઈ બતાવે તો સમસ્યા વધુ વિકટ બને તેના આસાર દેખાઈ રહ્યા છે.

## મંતવ્ય

જમ્મુ કાશ્મીર સમસ્યાઓનો ઉકેલ માત્ર પીડીપી સાથેનું ગઠબંધન તોડી નાંખવાથી આવવાનું હતુ તેવું ભાજપ માને છે.છેલ્લા ચાર વર્ષમાં પીડીપી અને ભાજપનું ગઠબંધન જમ્મુ કાશ્મીરની સમસ્યાઓ ઉકેલવાને બદલે વધારી છે તેમ કહીએ તો ખોટું નહી કહેવાય.જનમત ભારતની વિરુધ્ધ ઉભો થયો છે અને લોકોમાં લોકશાહી રીતે રચાયેલી સરકારમાં અવિશ્વાસ જ રહ્યો છે.ગઠબંધન તોડવાથી લોકોમાં નવો વિશ્વાસ કેવી રીતે પેદા થઈ શકશે.કારણકે સરકારમાં રહીને સરકારના દોષો ગણાવીને જ ગઠબંધન તોડાયું છે. ભાજપ નિષ્ફળ ગયું છે. મનોજ કે ગોહિલ


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

અનુ પાન નં.૪ ઉપરનું ચાલુ

ટી.વી. ચેનલોની સંખ્યામાં પણ દિનપ્રતિદિન વધારો થતો જાય છે.

**(૩) સંઘ પરિવાર કહે છે : ધર્માંતર પ્રવૃત્તિઓ માટે વિદેશમાંથી દાનોનો પ્રવાહ ભારતમાં મિશનરી સંસ્થાઓમા ઠલવાય છે.**

જો સંઘ પરિવારનો દાવો સાચો હોય તો એમને પુછવું પે કે તો પછી ૨૦૦૦ વર્ષો બાદ પણ ભારતમાં ખ્રિસ્તીઓની વસતી ઉપર નોધ્યું છે તેમ આટલી જુજ કેમ રહી છે ?

વિદેશોમાંથી ભારતમાં કાર્યરત કોઈપણ સંસ્થાને મળતું ફંડ (ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક (એફસીઆરએ) હેઠળ સરકારની ફાઈલમાં નોંધાતું હોઈ સરકાર પાસે તેની વિગતે માહીતી હોય છે. કેન્દ્ર સરકાર આજે જ નહિ અગાઉ પણ ભાજપની હતી તો ખ્રિસ્તી મિશનરીઓને મળતા વિદેશી ફંડ પર તેણે કડક નજર રાખી હોત, લાવવાની મના કરી હોત યા ધર્માંતર પ્રવૃત્તિઓ માટે એનો ઉપયોગ ન કરવા દીધો હોત જે સ્વાભાવિક ગણાત.પરંતુ ભાજપ સરકાર દ્વારા એવું કશું થયું હોય એવી માહિતી નથી.

હવે વિગતે વિદેશી ફંડ અંગે નોંધ કરીએ. એક પ્રતિષ્ઠીત સામયિકમાંથી ઉપલબ્ધ માહીતિ મુજબ પ્રતિ વર્ષ ભારત સ્થિત બિન સરકારી સંસ્થાઓને ( સ્વેચ્છીક સંસ્થાઓ -એન જી ઓ)મળતું વિદેશી ફંડ આશરે ૧૧,૦૦૦કરોડ છે.(૨૦૦૦-૨૦૦૭)દેશમાં એન.જી.ઓ.ની સંખ્યા ૧૩,૧૯૩ છે. એટલે તેમની વચ્ચે ફંડને વહેચતા ખ્રિસ્તી સંસ્થા બીલીવર્સ ચર્ચ ઈન્ડીયાને ભાગે રુ. ૧૯૦ કરોડ, હિંદુ સંસ્થા માતા અમૃતાનંદમયી મઠને ભાગે રુ.૯૮ કરોડ, ઈસ્લામિક સંસ્થા આગાખાન ફાઉન્ડેશનને ભાગ રુ.૧૧૦ કરોડ તથા વિવિધ સેવા પ્રવૃત્તિઓ કરતી અન્ય એન.જી.ઓ.ને ફાળે રુ. ૧૩૦ કરોડ આવે છે.કુલ રકમ રુ.૧૧,૦૦૦કરોડના ૪૦ ટકા એટલે કે રુ.૪૪૦૦કરોડ ખ્રિસ્તી સંસ્થાને મળે છે.હિંદુ સંસ્થાઓને કેટલી રકમ મળે છે તેના આંકડા આપણે જાણતા નથી. એટલે સંઘ પરિવારના દાવા વિશે કશું કહી શકાય નહીં. વળી, હિંદુ ધર્મસ્થાનોને જે દાનો મળે છે (મંદિરોમાં ઠલવાતું રોકડ નાણું અને સોનું ) તેનો આંકડો તો ખ્રિસ્તી સંસ્થાને મળતાં દાનોને ક્યાંય વળાવી જાય તેટલો છે !દ. ભારતના એક મંદિર ટ્રસ્ટને ગઈ સાલ રુ. ૨૨૬૨ કરોડનં દાન મળ્યુ હતું જે ૨૦૧૧-૧૨માં ૧૦ મોટામાં મોટી ખ્રિસ્તી સંસ્થાઓને મળેલા દાન કરતાં બમણું હતું !

પત્રકાર નગીનદાસ સંઘવી તેમની કોલમમાં લખે છે કે ભારતમાં કેટલું સોનું છે તે કોઈ જાણતું નથી પણ લગભગ ૨૦,૦૦૦ ટનનો અંદાજ બાંધવામાં આવે છે.ભારતના મંદિરોમાં સદીઓથી ભેટરુપે ધરાયેલા અલંકારો,મુગટો અને સુવર્ણશસ્ત્રોના રુપમાં અઢળક સોનું પડેલુ છે.જેની સાચવણી માટે મંદિરોએ ગંજાવર ખર્ચ કરવો પડે છે.સોનાના રુપમાં ભારતના મંદિરોમાં ભક્તોએ દેવ દેવીઓને ચડાવેલ સોનું કેટલું છે તે કોઈ જાણતું નથી.કેરળમાં ભગવાન પધ્મનાથના મંદિરના ભોયરાઓ તાજેતરમાં ખોલાયા ત્યારે જાહેર કરવામાં આવેલ આંકડાઓ આપણી કલ્પના બહારના આંકડાઓ છે.પડી રહેલ આ સોનું બીનઉપજાઉ છે અને તેના પર સરકારનો કશો પણ અંકુશ નથી. ભારતમાં દર વર્ષે ૮૦૦થી હજાર ટન સોનું ખરીદાય છે.અને ભારતનું મોઘાં મુલનું હુંડિયામણ સોનાની ખરીદીમાં ખતમ થઈ જાય છે.

(૪) **સંઘ પરિવાર એવુ પણ કહે છે :**

ભારતમાં ધર્માંતર માટે ઘણી મોટી ફસલ છે અને તેનો લણવા માટે વિદેશોમાં પુરજોશમાં તૈયારીઓ થવા માંડી છે. હકીકતે વાસ્કો-ડી-ગામાએ ભારતની ધરતી પર પગ મુક્યો ત્યારથી અર્થાત હજારોની સાલથી ખ્રિસ્તી મિશનરીઓની વણજારો એ ફસલ લણવા અંહી આવી છે.અને આવતી રહી છે.એ સહુએ જે ફસલ લણી તેના આંકડા આરંભે આપ્યો જેના પર નજર કરીએ તો કેટલી ફસલ લણાઈ છે તેનો સાચો

ભારતમાં ધર્માંતર માટે ઘણી મોટી ફસલ છે અને તેનો લણવા માટે વિદેશોમાં પુરજોશમાં તૈયારીઓ થવા માંડી છે. હકીકતે વાસ્કો-ડી-ગામાએ ભારતની ધરતી પર પગ મુક્યો ત્યારથી અર્થાત હજારોની સાલથી ખ્રિસ્તી મિશનરીઓની વણજારો એ ફસલ લણવા અંહી આવી છે.અને આવતી રહી છે.એ સહુએ જે ફસલ લણી તેના આંકડા આરંભે આપ્યો જેના પર નજર કરીએ તો કેટલી ફસલ લણાઈ છે તેનો સાચો ખ્યાલ આવશે.વળી પોર્ટુગલ મિશનરીઓ આવ્યા તે પુર્વે બે હજાર વર્ષ પહેલા ભગવાન ઈસુના શિષ્ય સંત થોમાસે કાલિકટથી માંડીને દ.ભારતમાં ઠેકાણે ઠેકાણે ખ્રિસ્તી ધર્મ ફેલાવ્યો હતો જેમાં સ્થાનિક નૃપતિઓએ ઘણો સહકાર આપ્યો હતો.તેમણે ખ્રિસ્તી ગિરજાઘરો તથા નાના નાના મોટ ઉપાસના સ્થળો પણ બાધી આપ્યા હતા. આજે પણ કેરળમાં સંત થોમાસના ખ્રિસ્તીઓ તરીકે ઓળખાતા ઈસાઈઓની વસતી મોજુદ છે

એટલે, વિગતે જેની છણાવટ ધર્માંતરની પ્રવૃત્તિઓ ચાલતી હોઈ ખ્રિસ્તીઓન સંખ્યા વધતી જાય છે જે હિંદુ માટે ભયરુપ છે, એવો સંઘ પરિવારનો દાવો સત્યથી સાવ વેગળો છે. એથી ઉલટું, ભારતમાં ખ્રિસ્તી ધર્મ, ધર્માંતરો કરાવી ખ્રિસ્તીઓની સંખ્યામાં ઉમેરો કરવ ામાં સરિયામ નિષ્ફળ નિવડ્યો છે.

ઉપર જે વિગતો રજુ કરી તે ખ્રિસ્તી ધર્મન અવલોકનીય અર્થાત જોઈ શકાય, ગણી શકાય તેવી સિધ્ધિઓ છે. પરંતુ ,કેવળ અવલોકનીય માહિતીને આધારે અને તેનું વિચિત્ર બૌધ્ધિક અર્થઘટન કરીને ખ્રિસ્તી મિશનરી સેવા પ્રવૃત્તિઓનું મુલ્યાંકન કરવું યોગ્ય નથી.મિશનરીઓએ તેમની સેવા પ્રવૃત્તિઓ દ્વારા ભારતમાં શૈક્ષણિક અને વૈદકીય ક્ષેત્રે તેમજ દલિતો-વંચિતો-હાંસિયામાં ધકેલી દેવાયેલાઓ- મહિલાઓના કલ્યાર્થે જે પ્રદાન કર્યુ છે તે બેનમુન છે. દલિતો અને આદિવાસીઓને ખ્રિસ્તી મિશનરીઓએ ન ભણાવ્યા હોત અને આજે પણ જો મિશનરીઓ તેમને ન ભણાવે તો બીજા કોઈ તેમનો ભણાવવાના નથી.વિવિધ પ્રકારની ખ્રિસ્તી સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે ખુદ ખ્રિસ્તીઓ પણ તેમની ફરજનિષ્ઠા,સેવાભાવ,જરુરીયાતમંદો પ્રતિ સહાનુભુતિ અને પ્રમાણિકતા માટે જાણીતા છે ને સહુના આદરપાત્ર બની ગયા છે.ભારતમાં સંખ્યાની દષ્ટિએ ભલેને ખ્રિસ્તી ધર્મ ઝાઝી સફળતાને વરી શક્યો ના હોય, પરંતુ વિવિધ સેવા ક્ષેત્રોમાં તે કલ્પનાતિત સફળતા અને સિધ્ધિઓને વર્યો છે, જેનો કોઈ ઈન્કાર કરી શકે નહીંય

ભગવાન ઈસુનો આભાર અને તેમને કોટિ કોટિ વંદન !

(અંગ્રેજી સામયિકોમાંથી ઉપલબ્ધ માહિતીને આધાર)

ફાધર વિલિયમ


## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



# દેશમાં કેશલેશ ઇકોનોમી બનાવાનાા ઇરાદો સરકારને ઝટકા સમાન નીવડયો :નોટબંધી પછી જનતાના હાથમાં વિક્રમજનક રોકડ પહોચી ચુકી છે

દેશના અર્થતંત્રને કેશલેસ બનાવવાનો સરકારનો ઇરાદો નિષ્ફળ નિવડ્યો છે.દેશમાં જનતા પાસે હાલમાં રુ.૧૮.પલાખ કરોડની રોકડમાં છે.અત્યાર સુધીમાં સૌથી વધુ રોકડ લોકોના હાથમાં પહોચી ગઇ છે.નોટબંદી વખતે લોકો પાસે ૭.૮ લાખ કરોડની રોકડ હતી.જે વધીને હાલમાં બમણા કરતાં વધુ થઇ ગઇ છે.ભારતીય રિઝર્વ બેન્કના આંકડાઓથી આ હકીકત સામે આવી છે.

રિઝર્વ બેન્કના જણાવ્યા મુજબ હાલમાં ચલણમાં કુલ રુપીયા ૧૯.૩ લાખ કરોડની રોકડ ચલણમાં છે.નોટબંધી વખતે આ આંકડો લગભગ રુ.૮.૯લાખ કરોડનો હતો.આરબીઆઇના આંકડાને પગલે એ સત્ય બહાર આવ્યું છે કે કેટલાક સમય પહેલાં વિવિધ વિસ્તારમાં રોકડનું સંકડ સામે આવ્યુ હતું.પણ હકીકતે જનતા પાસે રોકડની અછત નહોતી જ.સામે આવતાં રોકડના આંકડા મુજબ જનતા પાસે રોકડ અને ચલણમાં રોકડ એક બંનેના આંકડા નોટબંધી પહેલાના સ્તર કરતાં વધુ છે.સરકારે નોટબંધીનો નિર્ણય લીધો ત્યારે ઉપલબ્ધ કુલ રોકડમાંથી ૮૬ ટકા રોકડ અમાન્ય થઇ રહી હતી.સરકારે રદ કરેલી નોટો જમા કરાવવા માટે આપેલ સમયમાં રોકડ સૌથી નીચા સ્તરે હતી.

# સ્મૃતિ ઇરાની પાસેથી માહિતી પ્રસારણ ખાતા બાદ નીતિ આયોગ ખાતુ પણ લઇ લેવાયું



કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઇરાની પાસેથી માહિતી પ્રસારણ ખાતુ લઇ લેવાયા બાદ હવે તેમની પાસેથી દેશની ટોચની નીતિનિર્ધારણ કરતી એજન્સી નીતી આયોગ ખાતુ પણ લઇ લેવાયું હતું.નીતિ આયોગમાં સ્મૃતિ ઇરાનીનો સમાવેશ વિશેષ આમંત્રિત તરીકે કરવામાં આવ્યો હતો.પરંતુ કેબિનેટ સેક્રેટરીયેટ દ્વારા જારી કરાયેલ એક નોટીફિકેશમાં નીતી આયોગમાં વિશેષ આમંત્રિત તરીકે એચઆરડી મંત્રી પ્રકાશ જાવડેકરનો સમાવેસ કરાયાનો ઉલ્લેખ કરાયો છે.આ ઉપરાંત રાજ્ય કક્ષાના આયોજનપ્રધાન રાવ ઇન્દ્રજીતને એક ઓફિસીયો સભ્ય તરીકે સમાવાયા છે.જ્યારે સ્મૃતિ ઇરાનીની બાદબાકી કરી દેવાઇ છે.આ જાહેરનામું વડાપ્રધાન મોદીની મંજુરી બાદ જ પ્રગટ કરવામાં આવ્યુ હતું.આ પહેલા એચઆરડી ત્યારબાદ માહીતિ પ્રસારણ ખાતુ તેમણે સર્જેલા વિવાદોને કારણે તેમની પાસેથી લઇ લેવામાં આવ્યા હતા.

સ્મૃતિ ઇરાનીનો મળેલા ખાતાઓમાં તેમણે લીધેલા કેટલાક નિર્ણયોને કારણે વિવાદો સર્જાતા ભાજપને નીચાજોણુ થયું હતું.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# ભાજપને બહુમતિ નહિ મળે તો પ્રણવદા વડાપ્રધાનપદના ઉમેદવાર હોઇ શકે : શિવસેના

ભારતીય જનતા પાર્ટીને ૨૦૧૯ની સામાન્ય ચુંટણીમાં બહુમતિ હાંસલ નહિ કરે તો પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી વડાપ્રધાનપદના હોદ્દા માટે સર્વસંમતિ ધરાવતા ઉમેદવાર હોઇ શકે તેમ શિવસેનાએ કહ્યુ છે.તેણે શિવસેનાના પુર્વ વડા સ્વ.બાળ ઠાકરેને ક્યારેય તેના મંચ પર આમંત્રણ નહિ આપવા અને ઇફતાર પાર્ટીઓ યોજીને મુસ્લીમોનું તુષ્ટીકરણ કરવાનો પ્રયાસ કરવા બદલ આરએસએસની ટીકા કરી હતી.



જાણવાની વાત એ છે કે ત્રણ દિવસ અગાઉ જ ભાજપ પ્રમુખ અમિત શાહ સંપર્ક ફોર સમર્થન અભિયાનના ભાગરુપે શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનો મળ્યા હતા.આરએસએસે પ્રણવ મુકરજીને તેના કાર્યક્રમમાં આમંત્રણ આપ્યું હતું. જો કે સંઘના વડામથકની મુલાકાત બદલ તેમની પાર્ટી અને કોગ્રેસના કેટલાક નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી હતી.તેમના પુત્રી શર્મિલા મુકરજીએ પણ તેમના પિતાના નિર્ણયની આકરી ટીકા કરી હતી.પોતાના મુખપત્ર સામનામાં શિવસેનાએ સંઘ દ્વારા નહેરુવાદી વિચારસરણી જેમના હૃદયની નજીક છે તે નેતાને આમંત્રણ આપવા બદલ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.શિવસેનાએ આ પગલાને સંઘના બદલાવયેલા વલણ તરીકે ગણાવ્યા હતા.

ભાજપ સાથે પોતાના સબંધોમાં કડવાશ વચ્ચે શિવસેનાએ આગામી વિધાનસભાની ચુંટણીમાં ૧૫૨ સીટો પર ચુંટણી લડવાની વાત કરી હતી.શિવસેના ઇચ્છે છે કે કુલ ૨૮૮ સીટોમાંથી તે ૧૩૬ સીટો ભાજપ માટે છોડે જેથી તે વધુમાં વધુ સીટો પર જીતી શકે અને મુખ્યમંત્રીપદ પર પોતાનો દાવો કરી શકે.રાજકીય વિશ્વેલકોના પ્રમાણે, શિવસેનાનું આ કદમ ઉદવ ઠાકરેની એ યોજનાનો ભાગ છે જેના મુજબ તેઓ રાજ્યમાં મુખ્યમંત્રી તેમના પક્ષનો હોય એવું ઇચ્છે છે.જો કે ભાજપની યોજના શિવસેનાને પ્રાથમિકતા આપવાની નથી. જો કે ૨૦૧૪ની સીટ શેરીંગ ફોર્મ્યુલા અંગે શિવસેના ૨૦૧૯ની સામાન્ય ચુંટણીમાં ભાજપ સાથે ઉતરી શકે છે.આમ છતાં સૌથી મોટો સવાલ એ છે કે લોકસભા પછી તો વિધાનસભાની ચુંટણીમાં શું કરશે ?વિશ્લેષકોના મતે લોકસભા ચુંટણીમાં પોતાની તાકાતને અજમાવી લીધા પછી શિવસેના વિધાનસભાની ચુટણીમાં એકલા ઉતરવાનો નિર્ણય પણ કરી શકે છે.જો કે શિવસેનાના એક નેતાએ કહ્યુ કે આ અમારા માટે ઘણી મોટી ભુલ ગણાશે.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

**મો.:૮૨૩૮૦૦૧૯૮૯**

**૯૮૨૪૩૬૨૪૬૨**


# સંઘના કાર્યક્રમમાં હાજરી આપવા બદલ પુત્રીએ પિતાને ચેતવ્યા : તમારુ ભાષણ ભુલાઇ જશે

પ્રણવ મુકરજીની પુત્રી શર્મિષ્ઠા મુખરજીએ જ સંઘના સંમેલનમાં જવા બદલ તેમના પિતાની આકરી ટીકા કરી હતી.કોગ્રેસના નેતા શર્મિષ્ટા મુખરજીએ પોતાના પિતાને ટ્વિટર પર સંદેશ લખીને ભાજપના કાવતરાં અંગે ચેતવ્યા હતા.શર્મિષ્ઠાએ ટ્વીટર પર લખ્યુ હતું કે તમે જે ભાષણ આપશો તે ભુલાઇ જશે.પરંતુ તમે જે કાર્યક્રમમાં હાજર રહ્યા છો તેના દૃશ્યો હંમેશા લોકોના દિમાગમાં રહેશે.અને તેને ખોટા નિવેદનો સાથે વાઇરલ બનાવાશે. વિરોધ પક્ષના અન્ય નેતાઓએ પણ ભુતપુર્વ રાષ્ટ્રપતિને કાર્યક્રમાં હાજર રહેવાનો પોતાનો નિર્ણય બદલવા અનુરોધ કર્યો હતો.

બન્યુ પણ એવું જ કે પ્રણવ મુકરજી જાણે કે સંઘના કાર્યકર્તા તરીકે આ પ્રસંગે હાજર રહ્યા હોય તેમ તેમની મોર્ફ કરેલી તસવીરો ફેલાઇ ગઇ અને સાથે અગણિત અફવાઓ કે હવે વડાપ્રધાન તરીકે સંઘ પ્રણવ મુકરજીને પ્રમોટ કરશે વિગેરે વિગેરે..પરંતુ ખરેખર પ્રણવ મુકરજીએ સંઘના સમેલનમાં જઇને દેશભક્તિ કોને કહેવા તે વિશે સમજાવટ આપી પરંતુ કોનો ગોલ સર થયો તે અસપસ્ટ રહ્યું કહેવાય.દરેકને એવું લાગ્યું કે મે મારી ફરજ પુરી કરી.

## જાણવા જેવું

જહોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.

પહેલી મોર્ડન ઓલિમ્પીક રમત ૧૮૯૬માં એથેન્સમાં યોજાઇ હતી.

અબરખ ધાતુનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે

ઓલીવ ટ્રીનું આયુષ્ય ૧૫૦૦ વર્ષનું હોય છે.

કાચની શોધ ઇ.સ.૧૫૫૦માં ઇજીપ્તમાં થઇ હતી.

મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.

ખ્રિસ્તીઓ દ્વારા થતાં ધર્માંતરો બાબતે ફાધર વિલિયમે સંઘને આ બાબતે સંપુર્ણ વિગતો સાથે જવાબ આપતો લેખ લખેલો જે ફાધર વિલિયમની યાદગીરી સ્વરુપે ફરીથી તેને પ્રકાશિત કરીએ છીએ

# ખ્રિસ્તીઓ દ્વારા થતાં ધર્માંતરોનો સંઘ પરિવારનો દાવો સાચો કે ખોટો ?

છેલ્લા કેટલાક સમયથી સંઘ પરિવાર એવું કહ્યા કરે છે કે, ખ્રિસ્તી મિશનરીઓની ધર્માંતરની પ્રવૃત્તિઓને લીધે ભારતમાં ખ્રિસ્તીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે જે હિંદુઓ માટે ભારે ખતરારુપ છે. આના પ્રત્યાઘાતો રૂપે દેશમાં ક્યાંક ક્યાંક કેટલાક અઘટિત બનાવો બનવા લાગ્યા છે જેવાકે, ખ્રિસ્તી દેવળો પર હુમલા, તોડફોડ અને ખ્રિસ્તીઓ ઉપર હુમલા, સંઘ પરિવાર આવો દાવો કરે છે તો ખરેખર સત્ય હકીકત શી છે તેની ખાતરી કરી લઈએ.

(૧) ધર્માંતરની બેફામ ચાલતી પ્રવૃત્તિને કારણે ખ્રિસ્તીઓની વસતિમાં વધારો થાય છે અને હિંદુઓની વસતી ઘટતી જવા માંડી છે.

ભારતમાં ખ્રિસ્તી ધર્મ આવ્યે લગભગ ૨૦૦૦ વર્ષ થયાં છે. હજારોની સંખ્યામાં દેશી અને વિદેશી મિશનરીઓએ ધર્મનો પ્રચાર કર્યો છે ને તેની પાછળ કરોડો રુપીયાનું ધુમ ખર્ચ કર્યું છે.જે જગજાહેર છે. તેમ છતાં ખ્રિસ્તીઓની વસતી આવી છે : ૧૯૭૧માં ૨.૬% હતી જે ઘટી જઈને ૨૦૦૧માં માત્ર ૨.૩% થઈ ગઈ છે. ૨૦૧૧ની વસતી ગણતરીના આંકડા ઉપલબ્ધ નથી પરંતુ જાણવા મળે છે કે એમાં હજી પણ ઘટાડો થયો છે.ઘટાડો થાય છે તેની પાછળનું કારણ એ છે કે ખ્રિસ્તીઓમાં શિક્ષણનું પ્રમાણ ઊંચુ હોવાના કારણે તેઓ પરિવારનું સમજપુર્વક આયોજન કરે છે ; દીકરો- દીકરી વચ્ચે ભેદ રાખતા નથી તથા ભૃણહત્યાને પાપ માને છે. એટલે પરિવારમાં દીકરો જ હોવો જોઈએ એવો તેઓ હઠાગ્રહ રાખતા નથી.દીકરીને પણ એટલો જ આવકાર છે જેટલો દીકરાને છે.

એથી ઉલટું, હિંદુઓ પ્રથમ વાર લંડન(ઈંગ્લન્ડ)માં ૨૦૦૦માં નહી, પણ આશરે ૨૦૦ વર્ષ પહેલાં આવ્યા હતા.આજે ત્યાં હિંદુઓની વસતી કેટલી છે ? અર્ધો ટકો ? ૧% ? વાસ્તવમાં ૫ ટકા છે.ભારતમાં વસતા ખ્રિસ્તીઓની વસતી કરતાં બમણી ! અને લંડન તો માત્ર એક શહેર છે. આખા ઈંગ્લેન્ડ દેશની વાત કરીએ તો સમગ્ર દેશમાં હિંદુઓની વસ્તી ૧.૩% છે. આમાં શીખોનો સમાવેશ કરીએ( જેમને સંઘ પરિવાર હિંદુ માની લે છે.) તો ઈંગ્લેન્ડમાં હિંદુઓની વસતી કુલ્લે ૧.૯ % થાય. અને આ ટકાવારી ક્રમશ : વધતી જાય છે.ભારતમાં ૨૦૦૦ વર્ષ પહેલાં ખ્રિસ્તી ધર્મ આવ્યો ને ધર્માંતર પ્રવૃત્તિનો આરંભ કર્યો હોવા છતાં તેમની વસ્તી માત્ર ૨.૩ % છે.હવે તમે જાતે જ ઊભય કમ્યુનીટીની વસતીની ટકાવારીની સરખામણી કરી જુઓ !

હવે બીજા દેશોમાં હિંદુઓની વસતિના આંકડા પર નજર નાખીએ. ન્યુઝીલેન્ડ : ૨%, કેનેડા : ૧.૬% ઓસ્ટ્રેલીયા : ૧.૨૮ %,મલેસીયા : ૬.૩ % અને ઈન્ડોનેશીયા : ૧.૬૯ % આપણા પાડોશી દેશો શ્રીલંકા,ભુતાન,ફીજી,મોરીસ્યસની વાત કરીએ તો ત્યાં હિંદુઓની વસ્તીની ટકાવારી હજીએ ઊચી છે.

આંકડા સહિતની આ હકીકતને લક્ષ્યમાં લઈને ખરેખર તો ભારતમાં ખ્રિસ્તીઓની વસતી કેમ વધે છે એવો નહી ,પણ ખ્રિસ્તીઓની વસતી વધતી કેમ નથી એવો પ્રશ્ન પુછવો જોઈએ છે.આવા પ્રશ્નનો જવાબ એ છે કે હિંદુ ધર્મ બધામાં અને બધેજ ઈશ્વરનો વાસ છે.(પેન્થેઈઝમ) એવું માને છે.એટલે પ્રથમ વખત ખ્રિસ્તી ધર્મને એવી એક સંસ્કૃતિ,સાંસ્કૃતિક માહોલ અને એક ધર્મ(હિંદુ ધર્મ)નો સંપર્ક થયો જેને અન્ય ધર્મો સાથે ( ખ્રિસ્તી ધર્મ સાથે પણ) ટકરાવાની જરુર લાગતી નહોતી અને ખ્રિસ્તી ધર્મનો સ્થાપક કંઈક અલગ પ્રકારનો કે વિશિષ્ટ પ્રકારનો હોય એવું પણ જણાયું નહી. એક વિદ્વાન હિંદુએ કહ્યું છે " અમારે હિંદુઓને ધર્માંતર કરવાની જરુર નથી.અમારો ધર્મ ખ્રિસ્તી ધર્મ કરતાં ચડિયાતો છે.એ રીતે અમે ખ્રિસ્તીઓ કરતાં પણ વધુ શ્રીમંત છીએ " ગાંધીજી કે જેમને ભગવાન ઈસુનો ઉપદેશ, ખાસ કરીને ગીરી પ્રવચન અતિ પ્રિય હતું તેમને પણ આના કારણે ધર્માંતર કરીને ખ્રિસ્તી બનવાનું જરુરી લાગ્યું નહી. એટલે , જ્યાં પ્રજા હિંદુ ધર્મમાં નહોતી સમાવાઈ તેવા ભારતના ઉ.પુ.(નોર્થ ઈસ્ટ)પ્રદેશો તથા આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મ સરળતાથી પ્રસરી શક્યો ને તેનો સફળતા મળી.અન્ય વિસ્તારોમાં નહીં. આ સિવાયના બીજા વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મ ફેલાયો હોય( જુજ સંખ્યામાં) તો તેની પાછળના મુખ્ય કારણો જ્ઞાતિ ભેદભાવના કારણે થતો અન્યાય,અસ્પૃશ્યતા, શોષણ તથા દારૂણ ગરીબીમાંથી છુટકારો મેળવવો એ હતાં.

ખ્રિસ્તીઓની વસતીની પરિસ્થિતિ એશિયા ખંડના બીજા રાષ્ટ્રોમાં પણ લગભગ સરખી છે. દા.ત.એશિયા- ઈન્ડોનેશીયા: ૯.૮%, દ.કોરીયા : ૨૯.૩ %, ફિલિપાઈન્સ ૮૫.૫ %. શ્રીલંકા : ૭.૫ % મ્યાનમાર ૭.૯ %, રાક્ષસી કદ ધરાવતા ચીનદેશમાં જ્યાં ખ્રિસ્તી ધર્મ ભારત કરતાં સદીઓ મોડો આવ્યો અને સામ્યવાદીઓનું શાસન હોવા છતાં તેને ભારત કરતાં પણ વધુ ફળદ્રુપ ભુમિ પ્રાપ્ત થઈ અને અમેરિકા તથા સબ -સહારા આફ્રિકા પ્રદેશની સાથે સરખાવતાં તેને સારી એવીસફળતા મળી છે.આજે ચીનમાં ખ્રિસ્તીઓની વસ્તી ૪-૫ % છે. જે ભારત દેશ કરતાં વધુ છે.

હવે વિશ્વની પરિસ્થિતિ પર નજર નાખીએ. અહીં હિદું ધર્મની સામે કોઈ પડકાર દેખાય છે ? ના, બિલકુલ નહી. હિંદુઓ આજે વિશ્વની વસતિના ૧૫ % છે.બૌધ્ધો : ૭.૧ % મુસ્લીમો ૨૩.૨ % અને ખ્રિસ્તીઓ ૩૧.૫ %. વળી હકીકત એવી છે કે વિશ્વમાં હિંદુઓની વસતી ઘટતી નહી, પણ સતત વધતી જાય છે! એક સદી પુર્વે હિંદુઓ વિશ્વની વસતીના માત્ર ૧૪% કરતાં પણ ઓછા હતા ! એટલે (વૈશ્વિક દષ્ટિએ) ખરેખર તો કોઈ ધર્મે ચિંતા કરવાની હોય તો તે હિંદુ ધર્મે નહી, પણ ખ્રિસ્તી ધર્મએ છે.

ભૌતિકવાદના આ યુગમાં આજે યુરોપ અમેરિકામાં વધુને વધુ ખ્રિસ્તીઓ નાસ્તિક થતા જાય છે યા તો અન્ય ધાર્મિક કે એવી માન્યતાઓ(રજનીશ,મહેશ યોગી, સ્વામી દયાનંદ વગેરે: તરફ વળવા લાગ્યા છે. આમ આજે ખ્રિસ્તીઓની વસતિ ત્યા ઘટીને ૫૯.૩% થઈ ગઈ છે.વળી, હવે તો યુરોપ અમેરિકામાં ખ્રિસ્તી દેવાલયો-ઉપાસના ગૃહો વેચાવા માંડ્યા છે યા તો શોપીંગ મોલ કે ઓફીસ માટે વપરાય છે.પુરોહિતોની પણ અછત ઊભી થઈ છે. જેને કારણે વિયેટનામ, કોરીયા અને ભારતમાં તેમની આયાત કરાય છે.અમેરિકામાં ખ્રિસ્તીઓની વસતી આજે ૭૭% છે જેની સરખામણીમાં ભારતમાં હિંદુઓની વસતી ૭૮.૩% છે.એનો અર્થ એવો થયો કે હિંદુ ભારત દેશ કરતાં યુરોપ અમેરિકા વધુ ઓછા ખ્રિસ્તી દેશો-પ્રદેશો બની ગયા છે. અને બનતા જાય છે.

એટલે ભવિષ્યમાં સંઘ પરિવારનો કોઈ સભ્ય એવું કહે કે ભારતમાં ખ્રિસ્તીઓની વસતી કુદકે ને ભુસકે વધતી જવાને કારણે ખતરો ઉભો થવાનો સંભવ છે તો એનો અર્થ એવો થયો કે એ કાં તો અબુધ-અજ્ઞાની છે અથવા તો જાણી જોઈને જુઠ્ઠુ બોલે છે.

**૨. સંઘ પરિવાર કહે છે :**

ધર્માંતર પ્રવૃત્તિ(પ્રણાલિકા-પ્રથા) ભારતમાંથી ઉભા થયેલા ધર્મોમાં નથી: એ તો પરદેશોમાંથી આવેલા ધર્મોમાં છે અને તે અહી લઈ આવ્યા છે.

આ પણ એક મોટું જુઠ્ઠાણું છે. હકીકતે વિશ્વના ઈતિહાસમાં સૌથી પ્રથમ કોઈ ધર્મે ધર્માંતરો કરાવ્યા હોય તો તે ભારતમાંથી ઉભો થયેલ બૌધ્ધ ધર્મ હતો.તેણે ભારતની બહારના દેશો : શ્રીલંકા,જાપાન, ચીન,થાઈલેન્ડ,વિયેટનામ વગેરેમાં ધર્માંતરો કરાવીને બૌધ્ધ ધર્મને ફેલાવ્યો હતો.આજે વિશ્વમાં બૌધ્ધ ધર્મ પાળનારાની સંખ્યા લગભગ ૩૫૦ મીલીયન થાય છે જેમાંના મોટા ભાગના ભારતની બહારના દેશોમાં છે.વળી બૌધ્ધ ધર્મ વિદેશોમાં ફેલાવનાર મિશનરીઓ બૌધ્ધ સાધુઓ નહોતા, એ તો ભારતની બાહરના દેશોને જીતી લઈ ત્યાં પોતાનું સામ્રાજ્ય ફેલાવનાર મહાન અશોક જેવા સમ્રાટો તથા વિદેશોમાં વેપાર કરીને અઢળક કમાણી કરવા ઈચ્છતા મોટા મોટા વેપારીઓ હતા. ડો.બાબા સાહેબ આંબેડકર કહે છે કે એક સમયે હિંદુ ધર્મ મિશનરી ધર્મ( ધર્માંતર કરાવનાર) હતો. પરંતુ જ્યારે તેમાં જ્ઞાતિ પ્રથા દાખલ થઈ ત્યારે તે મિશનરી મટી ગયો.કારણ, ધર્મપરિવર્તન કરેલ નવાગંતુકને કોઈ પણ જ્ઞાતિ પોતાનામાં સમાવવા તૈયાર નહોતી જેને લીધે ધર્માંતરિત એકલો અટુલો પડી જતો હતો.

વળી મહત્વની વાત તો એ છે કે ભારતમાં બૌધ્ધ ધર્મીઓની સંખ્યા વધતી જોઈને શંકરાચાર્યે તેમની સતાવણી કરવાનુ શરુ કર્યું અને તેમને હેરાન કરી, બળજબરી પુર્વક વટલાવી હિંદુ ધર્મમાં પાછા લાવવા માંડ્યા. હાલની ઘર વાપસી ચળવળ નવી નથી.એનો આરંભ તો મહાન શંકરાચાર્યોએ સદીઓ પુર્વે બૌધ્ધ ધર્મમાં જતા રહેતા હિંદુઓને રોકી હિંદુઓની ઘટતી જતી સંખ્યાને બચાવી લેવા માટે કર્યો હતો.

પરંતુ વાત આટલેથી અટકી જતી નથી.આજે તો આધુનિક હિંદુ ગુરુઓ વિદેશમાં હિંદુ ધર્મનો ધુમ પ્રચાર કરે છે.એમાંના કેવળ એકનો ઉલ્લેખ કરીએ તો શ્રી શ્રી રવિશંકર(આર્ટ ઓફ લીવીંગ) વિશ્વમાં પોતાના ૨૦ મીલીયન અનુયાયીઓ હોવાનો દાવો કરે છે. પ્રતિષ્ઠિત કટાર લેખક સ્વાપન દાસગુપ્તા જણાવે છે કે આશારામ બાપુ,સત્ય સાંઈ બાબા,શ્રી શ્રી ૨૦ મીલીયન અનુયાયીઓ હોવાનો દાવો કરે છે. પ્રતિષ્ઠિત કટાર લેખક સ્વાપન દાસગુપ્તા જણાવે છે કે આશારામ બાપુ,સત્ય સાંઈ બાબા,શ્રી શ્રી રવિશંકર તથા બીજા એવા હિંદુ મીશનરીઓ આજે વિદેશોમાં લોકપ્રિયતા હાંસલ કરીનો અનુયાયીઓની સંખ્યા વધારવામાં પાવરધા બની ગયા છે. આ બધા એક રીતે તો (ખ્રિસ્તી) પેટ રોબર્ટસનો અને બીલી ગ્રેહામ જ કહેવાય ને ! વળી, પરસ્પરની હરિફાઈ કરતી ધાર્મિક

અનુ. પાન નં.૨ ઉપર

વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક:એ. એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.